

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના વિજાપુર બાયપાસ માર્ગ પર શનિવારના રોજ ફારુખભાઈ સંચોરાના ત્યાં ગાર્ડન બની રહેલ તેના ફરતે દીવાલનું ચણતરનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન અચાનક ચણતર કરેલ ૨૦ ફુટ ઊંચી દીવાલ ધરાશાયી થઈ જતાં ત્યાં મજુરી કામ કરી રહેલ મજુરો તેમજ ત્યાં બેસેલ તેમના પરિવારજનો ઉપર આ દીવાલ ધરાશાયી થતાં ૭ મજુરોને ઈજાઓ પહોંચી હતી. જેમને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# બળાત્કારના બે બનાવથી ભારે સનસનાટી

## પંચમહાલ તેમજ અંબાજીમાં બળાત્કારની ઘટનામાં તપાસ : છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના બે ભાગમાં બળાત્કારો

પાલનપુર, તા.૨૯

દેશભરમાં બળાત્કારના કિસ્સાઓમાં ઉલ્લેખનીય વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં મંદિર શહેર અંબાજી અને પંચમહાલમાં બળાત્કારના બે કિસ્સાઓ સપાટી ઉપર આવ્યા છે. બે જુદા જુદા કિસ્સાઓના કારણે પોલીસ પણ ચોંકી ઉઠી છે. મળેલી માહિતી મુજબ પંચમહાલ જિલ્લામાં કડાના તાલુકામાં ખેડૂતની પુત્રીએ જાવેદ કુરેશી નામના શખસ સામે ફરિયાદ નોંધાવી છે અને ફરિયાદ નોંધાવી છે કે તે તેને સંતરામપુર ખાતે ગુપ્ત સ્થળે લઈ ગયો હતો અને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. જાવેદ અને તેના મિત્રએ બાઈક ઉપર તેને બરજબરી પૂર્વક બેસાડી દીધી હતી. જ્યારે તે ઘરે જઈ રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. કડાના પોલીસે સમગ્ર મામલામાં વધુ તપાસ હાથ ધરી છે. બીજી બાજુ અંબાજીમાં ધોરણ સાતમાં અભ્યાસ કરતી કિશોરીએ પણ તેના પર બળાત્કાર થયો હોવાની ફરિયાદ નોંધાવી છે.

પોતાની ફરિયાદમાં કિશોરીના પિતાએ બળાત્કારીનું નામ દિલીપ તરીકે આપ્યું હોવાનું જાણવા મળ્યું છે. બંને મામલામાં પોલીસે ઊંડી તપાસ હાથ ધરી છે. બળાત્કારના વધતાં જતા કિસ્સાઓથી એકબાજુ દેશભરમાં આક્રોશનું મોજું છે ત્યારે આ પ્રકારના બનાવને રોકવામાં પોલીસ તંત્ર નિષ્ફળ સાબિત થયું છે. દિલ્હીમાં સામૂહિક ગેંગરેપનો શિકાર થયેલી યુવતીનું સિંગાપુરમાં મોત થઈ ગયા બાદ બળાત્કારના કિસ્સાઓને લઈને આગામી દિવસોમાં પોલીસ ઉપર વધુ તવાઈ આવે તેવી શક્યતા છે. સાથે સાથે વધુ કઠોર કાયદાઓ બનાવવાની દિશામાં પણ સરકારને આગળ વધવાની ફરજ પડી શકે છે. સરકારને મહિલાઓની સુરક્ષા માટે નક્કર અને મજબૂત પગલાં લેવાની જરૂર પડશે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



આજના ઔદ્યોગિક યુગમાં યંત્ર વગર મનુષ્યનું જીવન ચાલતું નથી પરંતુ હિંમતનગરના મોતીપુરા ગામમાં આજે પણ બળદથી ચાલતી ઘાણી નજરે પડે છે. આ બળદો સવારથી જ ઘાણીએ જોડાઈને સાંજ સુધી પોતાના માલિકને રોજી રોટી મળી રહે તે માટે ઘાણીમાં તૈયાર થતું તલનું કચરીયું અને તલનું તેલ કાઢવાના કામમાં જોતરાય છે. લોકો આજે પણ યાંત્રિક સાધનો કરતા નેચરલ ક્વોલીટી તરફ વળતાં સારી કમાણી મળી રહે છે.

## લાલોડા ગામની સીમમાંથી બળદની તીક્ષ્ણ હથિયાર વડે હત્યા થતા ફરિયાદ

હિંમતનગર, તા.૨૯

ઈડર તાલુકાના લાલોડા ગામની સીમમાં બે ઈસમોએ એક બળદની ચોરી કરી તેને જાહેરમાં તીક્ષ્ણ હથિયર વડે બળદની હત્યા કરી નાખતા સમગ્ર ગામમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. જે અંગે ઈડર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ઈડર તાલુકાના લાલોડા ગામની સીમમાં મનુભાઈ ગનજીભાઈ પટેલના કુવા પર બનાવેલ ઢોર બાંધવાના ખુલ્લા ઢાળીયામાંથી મીરખાન રજાભાઈ ગમાર અને રમેશભાઈ મોતીભાઈ ગમાર (રહે ચંન્દ્રાણા પોશીના તા. ખેડબ્રહ્માના) બળદની રસ્સી કાપી બળદની ચોરી કરી લઈ ગયા હતા. બાદમાં કોઈ તીક્ષ્ણ હથિયાર વડે તેની હત્યા કરી નાખી હતી અને ચામડુ ઉતારી નાખી હોવાની ફરિયાદ બળદ માલિકે ઈડર પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખેલ મહાકુંભ-૨૦૧૨ અંતર્ગત મશાલ રેલી મજરાથી હિંમતનગર આવશે

હિંમતનગર, તા.૨૯

ખેલ મહાકુંભ ૨૦૧૨ અંતર્ગત યોજાનાર મશાલ રેલી સાબરકાંઠામાં તા.૩૧મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ બપોરે ૩-૦૦ કલાકે મજરા ખાતે પહોંચશે. આ ભવ્ય રેલીના સ્વાગતના આયોજન માટે કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ આજે બેઠક મળી હતી.

મશાલ રેલીનું સ્વાગત પ્રાંતિજના પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી કરશે. તેમજ રેલીને પોલીસ પોઈલોટીંગ અને ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા સાથે ૧૬.૦૦ કલાકે મોતીપુરા હિંમતનગર ખાતે લાવવામાં આવશે.

મશાલ રેલીના સ્વાગત માટે જિલ્લાની જાહેર જનતા તથા રમતવીરોને ઉપસ્થિત રહેવા જિલ્લા વહીવટીતંત્રે અનુરોધ કરેલ છે. ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે જિલ્લામાંથી અત્યાર સુધીમાં ૧,૧૪,૦૦૦ રમતવીરોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. તેમજ ગ્રામ તાલુકા તથા જિલ્લા કક્ષાએથી રમતવીરો હાલ પણ રજીસ્ટ્રેશન કરાવી શકે છે તેમ જિલ્લા રમતગમત અધિકારીશ્રી સાબરકાંઠાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પ્રાંતિજના દલપુર પાસેની સિરામીક ફેક્ટરીની ભઠ્ઠીમાં શ્રમિક દાઝી ગયો

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજ તાલુકાના દલપુર પાસે આવેલ કાટવાડ ગામની સીમમાં સિરામીક ઝોનની એક ટાઈલ્સ ફેક્ટરીની ભઠ્ઠીમાં કામ કરતા એક પચીસ વર્ષીય શ્રમિક ભઠ્ઠીમાં દાઝી જતાં તેને તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યાં તબિબોની દેખરેખ હેઠળ તેની સારવાર થઈ રહી છે.

દલપુર પાસેની સિટી સિરામીકમાં કામ કરી રહેલ પ્રવીણભાઈ ફલાભાઈ બામણીયા એકાએક લોડીંગ ભઠ્ઠીમાં આવી જતાં તે સખતપણે દાઝી ગયા હતા. તેમને તાબડતોબ અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે સિવિલ સત્તાવાળાઓએ પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પી આઈ ઉપાધ્યાયે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજ તાલુકામાં ઔદ્યોગિક ક્ષેત્રે પ્રગતિ છે પરંતુ મજૂરોના હાથ કપાઈ જવા, દાઝી જવું, મરણ થવું કે અન્ય જિંદગી-મરણના ખેલ જેવી બાબતોમાં ફેક્ટરીઓ દ્વારા પરંતુ રક્ષણ કે કુટુંબીજનોના ભરણપોષણની માનવતા પુરેપુરી નહીં દાખવતા હોવાની ચર્ચાઓ થઈ રહી છે. ત્યારે તમામ ફેક્ટરીઓમાં 'આરોગ્ય હેલ્થ વિભાગ', પ્રાથમિક સારવાર, જાણકારી તબીબો દ્વારા ચલાવાય છે કે કેમ તેની તપાસ થાય તો નિયમોની ઐસી કી તૈસી કરવાવાળા કેટલાય કાયદાના સાણસામાં આવે તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)





## પ્રાંતિજ તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સમાજની વાર્ષિક બેઠક યોજાઈ

પ્રાંતિજ તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષણ સમાજના સભ્યોની વાર્ષિક સામાન્ય બેઠક મોતીભાઈ બબાભાઈ પટેલના પ્રમુખ સ્થાને યોજાઈ હતી. આ વાર્ષિક સામાન્ય બેઠકના પ્રારંભે શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નો, ૨૦૧૧-૧૨ના વાર્ષિક હિસાબોનું વાંચન, ૭૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોનું સન્માન વગેરે કાર્યક્રમો યોજાયા હતા. ઉપરાંત પ્રાંતિજ સ્ટેટ બેંકના પ્રબંધક વિદ્યા પ્રભાકરે ઉપસ્થિત રહી પેન્શનરોના પ્રશ્નો તથા બેંકીગ ક્ષેત્રની જુદી જુદી સેવાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે મંડળના પ્રમુખ મધુભાઈ રાવલ, રમણભાઈ વણકર, વાડીલાલ મોદી, દિનુભાઈ રાવલ સહિત મંડળના અન્ય સભાસદો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## સાબર-બનાસકાંઠાના વિકાસ માટે પ્રજાની આજીજી

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા-બનાસકાંઠાનો વિકાસ જરૂરી થયો નથી, બંને જિલ્લા પછાત રહ્યા છે. સાબરકાંઠાના ભિલોડા-ખેડબ્રહ્મા, ઈડરને સિંચાઈની સવલત મળતી નથી. કડાણા ડેમનું પાણી મળતું નથી. ડાર્ક ઝોન હજુ ચાલુ છે. ખેડૂતો વીજજોડાણ માટે રાહ જોઈ રહ્યાં છે.

સાથે સાથે રેલ્વે પણ પુરતી સુવિધા આપતી નથી. ખેડબ્રહ્મા-અંબાજી-આબુ રેલ્વેની માગણી સંતોષાતી નથી. દિલ્હીથી ઉદેપુર ચેતક મેલને હિંમતનગર સુધી લંબાવવાની માગણી પુરી થતી નથી. હિંમતનગર-વિજાપુર-શામળાજી-ખેડબ્રહ્મામાં રેલ્વેની જરૂર છે.

સપ્તેશ્વર-વીરેશ્વર જેવા યાત્રાધામોનાં વિકાસ માટે કોઈ આયોજન થયું નથી. જિલ્લામાં ઉદ્યોગો નથી, શિક્ષિત બેકારોની સંખ્યા વધતી જાય છે. આ બંને જિલ્લા પશુપાલન ઉપર ભરણપોષણ ચલાવે છે. તો સત્વરે સરકારે વિકાસના આયોજનની વિચારણા કરવાની આવશ્યકતા છે.

# કોંગ્રેસને જીતાડયા પછી પસ્તાવાનો વારો આવશે નહિ : ડાહ્યાભાઈ પટેલ

## બડોદરા મુકામે સત્કાર સમારોહ દબદબાભેર ઉજવાયો

તલોદ, તા.૨૯

તલોદ તાલુકાના બડોદરા ગ્રામ પંચાયત અને સેવા સહકારી મંડળી તેમજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા સીતારામ ટ્રસ્ટ બડોદરાના સૌજન્યથી વહાણવટી માતાના સાંનિધ્યમાં સાબરકાંઠા જિલ્લાના ચૂંટાયેલા કોંગ્રેસના ધારાસભ્યોનો સત્કાર સમારોહ તેમજ જી.સી.ઈ.આર.ડી ગાંધીનગર પ્રેરીત જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન ઈડર આયોજિત સી.આર.સી. કક્ષાના રમતોત્સવનું ઉદઘાટન પ્રાંતિજ-તલોદ તાલુકાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

સત્કાર સમારોહમાં બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ તેમજ પ્રાંતિજ-તલોદ તાલુકાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તેમજ હિંમતનગર, મોડાસા અને ભિલોડાના ધારાસભ્ય સંજોગો વસાત હાજર ન રહેતાં તેમના પ્રતિનિધિ તરીકે તેમના પિતાશ્રી હાજર રહ્યા હતા. સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ પણ ખાસ હાજર રહ્યા હતા. ઈડરના પરાજિત ઉમેદવાર રામાભાઈ પણ હાજર રહ્યા હતા.

સર્વેનું સન્માન ગામના યુવાનો, આગેવાનો અને કાર્યકરો દ્વારા સાફા પહેરવી, ફૂલહાર કરી દબદબાભેર કરવામાં આવ્યું હતું. જનસંખ્યાએ મોટી સંખ્યામાં હાજર રહી 'કોંગ્રેસ જીંદાબાદ'ના નારા સાથે સૌને વધાવ્યા હતા.

સર્વે હાજર ધારાસભ્યોનું સન્માન ડૉ. અભેસિંહ ઝાલા, અમરસિંહ તેમજ ગામના આગેવાનોએ કરતાં સૌના હૃદયમાં આનંદ છવાઈ ગયો હતો.

આ વેળાએ તલોદ નગર પંચાયતના પૂર્વ પ્રમુખ રંગુસિંહ સોલંકી પ્રમુખ દક્ષાબેન પટેલ, વડાલીથી રાજેન્દ્રસિંહ કુંપાવત, રણજીતસિંહ ચાવડા કોંગ્રેસ પ્રમુખ મંગુભા ઝાલા, વિનુભાઈ પટેલ, મહિલા અધ્યક્ષ નિર્મલાબેન પંચાલ, બાયડ કોંગ્રેસના પ્રમુખ અદેસિંહ ઝાલા, શિવુભા, નિમેશ શાહ તેમજ જિલ્લાના કોંગ્રેસના જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકાઓના કોંગ્રેસના સદસ્યો, મંડળીના ચેરમેનો, તાલુકાના કોંગ્રેસના સરપંચો, ગ્રામજનોએ હાજરી આપી સમારંભને શોભાયમાન કર્યો હતો.

ડાહ્યાભાઈ પટેલે પ્રવચનમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ ઉપર વિશ્વાસ રાખજો, ફરીથી ગુજરાતની ગાદી ઉપર આવવાનો વારો જરુર આવશે જ. કોંગ્રેસને જીતાડયા પછી કદી પસ્તાવાનો વારો આવશે નહિ.

મહેન્દ્રસિંહ બારૈયાએ કહ્યું હતું કે હું નાની ઉંમરનો હોવા છતાં, મારા ઉપર વિશ્વાસ મુકી મને પ્રાંતિજ અને તલોદ તાલુકાએ જંગી મત આપી વિજય બનાવ્યો છે તેનું ઋણ એળે જશે નહિ.

હાજર રહેલા સર્વે ધારાસભ્યશ્રીઓ અને આગેવાનોએ પ્રાંસગિક પ્રવચનો કર્યા હતા. સૌનો આભાર ડો. અભેસિંહ ઝાલાએ માન્યો હતો.


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ચ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601